ગાંધીનગરથી રાજ્યવ્યાપી શાળા-આરોગ્ય કાર્યક્રમનો પ્રારંભ

આગામી ૩૦ જાન્યુઆરી-૨૦૨૦ સુધીમાં ૧ કરોડ ૫૯ લાખ બાળકોની આરોગ્ય તપાસણીનું મહાઅભિયાન ૪ લાખ આરોગ્ય કર્મીઓ પાર પાડશે

ગાંધીનગર, તા. ૨૫ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યવ્યાપી શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમનો ગાંધીનગરથી પ્રારંભ કરાવતાં સ્પષ્ટપણે જણાવ્યું કે, ગુજરાતને સર્વાંગી વિકાસના શિખરો સર કરાવવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ સાથે સોશિયલ સેકટરમાં આરોગ્ય, શિક્ષણ સહિત વિશેષ ધ્યાન આ સરકારે કેન્દ્રીત કર્યુ છે.

આ સંદર્ભમાં તેમણે જણાવ્યું કે આવતીકાલના નાગરિક સમા બાળકોની તંદુરસ્તી અને સુખાકારી માટે સંપૂર્ણ આરોગ્ય ચકાસણીનો આ અભિગમ સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ અને હેપીનેસ ઈન્ડેક્ષમાં વધારો કરવાનો સંવેદનાપૂર્ણ સફળ અભિગમ છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે ગુજરાતભરમાં ૧.૫૯ કરોડ બાળકો એટલે કે રાજ્યની કુલ વસ્તીના ચોથા ભાગના બાળકોના આરોગ્યની સઘન તપાસ કરીને યોગ્ય નિદાન, સારવારનો આરોગ્ય સેવાનો મહાયજ્ઞ શાળા આરોગ્ય કાર્યક્રમ તહેત રાજ્ય સરકાર 'સ્વસ્થ બાળ-તંદુરસ્ત રાજ્ય-સક્ષમ રાષ્ટ્ર'ના ભાવ સાથે ચલાવી રહી છે.

તેમણે ઉમેર્યું કે બાળક ગર્ભમાં હોય ત્યારથી માંડીને જન્મના પ્રથમ ૧૦૦૦ દિવસ સુધી તેની શરીર, મન, બુધ્ધિના વિકાસની કાળજી લઈએ છીયે. ગંભીર બિમારી જણાય તો સુપર સ્પેશ્યાલિટી સારવાર પણ રાજ્ય સરકાર વિનામૂલ્યે પૂરી પાડે છે.

આ વર્ષે ૨૫ નવેમ્બરથી ૩૦ જાન્યુઆરી-૨૦૨૦ સુધી શાળા આરોગ્ય કાર્યક્રમ રાજ્યભરમાં યોજાઈ રહ્યો છે. ૨૦૧૮-૧૯ના વર્ષમાં રાજ્યમાં ૧ કરોડ ૫૯ લાખ બાળકોમાંથી ૯૯ ટકા બાળકોને આ આરોગ્ય કાર્યક્રમમાં આવરી લેવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે, એક પણ બાળક આરોગ્ય તપાસથી વંચિત ન રહી જાય તેવું સઘન આયોજન આરોગ્ય વિભાગના તબીબો-કર્મીઓના સહયોગથી કરવામાં આવ્યું છે.

આ અવસરે ગાંધીનગરના મેયર શ્રીમતી રિટાબહેન પટેલ, ડેપ્યુટી મેયર નાઝાભાઈ, આરોગ્ય કમિશનર જયપ્રકાશ શિવહરે, મ્યુનિસિપલ કમિશનર ડૉ. રતન ચારણ ગઢવી, જિલ્લા કલેકટર કુલદીપ આર્ય તેમજ ગુરૂકુલ સેકટર-૨૩ના સ્વામી હરિપ્રકાશ સ્વામી અને જ્ઞાનપ્રકાશ સ્વામી, સંતવર્યો, મહાનગર પાલિકાના પદાધિકારીઓ, સંગઠનના પદાધિકારીઓ તથા શાળાના બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લામાં શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમનો આરંભ

ગાંધીનગર, તા. ૨૫ જીવનનો સાચો આનંદ રૂપિયા કે સત્તાથી મળતો નથી, પણ સારા સ્વાસ્થથી મળે છે, તદુંરસ્ત સ્વાસ્થ માટે હમેંશા જાગૃતિ રહેવું ખૂબ જરૂરી છે, તેવું આજરોજ ગાંધીનગર જિલ્લામાં કલોલ તાલુકાના ઈસંડ ગામથી જિલ્લા કક્ષાના શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમનો આરંભ કરાવતાં નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું.

નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, શીતળા અને પોલિયો મુક્ત આપણો દેશ બન્યો છે, તેમ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશમાંથી વર્ષ- ૨૦૨૫ સુધીમાં જન અભિયાન કરીને ટી.બી. નામના રોગને દેશમાંથી જાકારો આપવાની નેમ કરી છે. તેને સાર્થક કરવા માટે રાજ્ય સરકારે સુચારું આયોજન કર્યું છે. ટી.બીની અતિ ગંભીર બિમારી ધરાવતા વ્યક્તિની સારંવાર માટે સરકાર રૂપિયા ૧૫ લાખ સુધીનો ખર્ચે કરવા કટિબદ્ધ છે.

આ પ્રસંગે આરોગ્ય અને પરિવાર કલ્યાણના અગ્ર સચિવ જયંતિ રવિએ આ કાર્યક્રમ પાછળ રહેલા રાજ્ય સરકારના ઉમદા અભિગમની વાત કરી હતી. તેમજ કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે પણ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. કાર્યક્રમના અંતે જિલ્લા અરોગ્ય અધિકારી એમ.એચ. સોલંકીએ આભારવિધિ કરી હતી.

પિતાને ભાથુ આપવા જતી દિકરીને રસ્તામાં કાળ ભરખી ગયો

ગાંધીનગર, તા.૨૫ સીએમ હાઉસના આઉટ ગેટ પર ફરજ બજાવતા પિતાને ભાથુ આપવા માટે આવતી દિકરીને રસ્તામાં કાળ ભરખી ગયો. અક્ષરધામ મંદિરની સામેના સુમસામ માર્ગ પર અચાનક યુવતિએ મોપેડ પરનો કાબુ ગુમાવતા મોપેડ સ્લીપ થઈ ગયું હતું. જેને પગલે યુવતિ માર્ગ પર પટકાઈ હતી, યુવતિને મોઢા તેમજ માથાના ભાગે ઈજા પહોંચતા તાત્કાલીક ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડવામાં આવી હતી. પરંતુ યુવતિ સારવાર દરમિયાન મૃત્યું નિપજયુ હતું. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે ફરીયાદ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના ચકાચક અને પહોળા રાજમાર્ગો પર અકસ્માતોની સંખ્યા દિન પ્રતિદિન વધી રહી છે. તાજેતરમાં જ બે દિવસમાં બે વાહન અકસ્માતમાં બે વ્યકિતના મૃત્યુ નિપજયા હતા. ત્યારે આજે વધુ એક અકસ્માત અક્ષરધામ પાસે સર્જાયો હતો, જેમાં મોપેડ પરનો કાબુ ગુમાવતા યુવતિ માર્ગ પર પટકાઈ હતી. માથાના ભાગે ગંભીર ઈજાને પગલે આશાસ્પદ યુવતિનું મૃત્યું નિપજયું હતું. સીએમ હાઉસ ખાતે આઉટગેટ પર કમાન્ડો તરીકે ફરજ બજાવતા પિતાને ટીફીન આપવા જઈ રહેલી યુવતિને માર્ગમાં અકસ્માત નડ્યો હતો. શહેરના સેકટર-૩૦ બ્લોક નં.૧૨૬-૧ ખાતે રહેતા અમૃતભાઈ માંગલીક કમાન્ડો તરીકે સીએમ હાઉસના આઉટગેટ પર ફરજ બજાવે છે. અમૃતભાઈની ૧૭ વર્ષિય દિકરી મયુરીકા આજે સવારે ૧૨ વાગ્યાના અરસામાં ઘરેથી મોપેડ લઈને પિતાને ટીફીન આપવા માટે નીકળી હતી. સેકટર-૩૦થી છ-૬ થઈને અક્ષરધામ મંદિર તરફના માર્ગ પરથી પસાર થઈ રહી હતી, તે સમયે પાર્કિંગ પાસે મોપેડ પરથી તેને કાબુ ગુમાવ્યો હતો. મોપેડ ડિવાઈડર સાથે ઘસાતા તે માર્ગ પર નીચે પડી ગઈ હતી. માથાના ભાગે ગંભીર ઈજાને પગલે આસપાસમાંથી મોટી સંખ્યામાં નાગરીકો એકઠા થઈ ગયા હતા અને તાત્કાલીક ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડવામાં આવી હતી.

જયા સારવાર દરમિયાન યુવતિનું મૃત્યું નિપજયુ હતું.૧૭ વર્ષિય મયુરીકા ધો-૧૦ સુધીનો અભ્યાસ કરીને ઘરે રહીને તેની માતાને ઘરકામમાં મદદ કરતી હતી. જો કે સોમવારના રોજ અક્ષરધામ મંદિર બંધ રહેતુ હોવાથી તેની સામે આવેલ બજાર પણ બંધ હતું. જેને પગલે એક-બે વેપારીઓ કયાંક નજરે પડતા હતા, પરંતુ અકસ્માતના કારણ અંગે અજાણ હતા. જેથી સેકટર-૨૧ પીએસઆઈ ઉર્વશી પટેલે ટીમ સાથે મળીને સીસીટીવી ચેક કરતા યુવતિએ મોપેડ પરનો કાબુ ગુમાવતા અકસ્માત સર્જાયો હોવાનુ ધ્યાને આવ્યું હતું.

રાંધેજા વિવિધ સહકારી મંડળીના સભાસદ દ્વારા લોન ઉચાપત અંગે પેથાપુર પોલીસ મથકે અરજી કરાઈ

ગાંધીનગર નજીક આવેલા રાધેજા ગામની ધી રાધેજા વિવિધ કાર્યકારી સહકારી મંડળીના સભાસદ બલાજી ગાંડાજી ટાંકને રૂ.૧.૫૦ લાખ ભરવા માટે એડીસી બેંક દ્વારા ધિરાણ બાકીની નોટીસ મળી છે. જો કે આ પ્રકારની નોટીસ અન્ય મંડળીના ૮ થી ૧૦ સભાસદોને મળી છે. ત્યારે મંડળીના સભાસદે મંડળીના મેનેજર સામે રૂ. ૨૦ લાખની લોન ઉચાપત અંગે ઉચ્ચકક્ષાએ રજુઆત કરી ફરીયાદ નોંધવા માટે પેથાપુર પોલીસ મથકે અરજી કરી છે.

રાધેજા ગામના ૪૨ વર્ષિય બલાજી ટાંક જણાવે છે કે રાધેજા વિવિધ કાર્યકારી સહકારી મંડળીનો હું સભાસદ છું, મારો સભાસદ નંબર૧૪૧૯ છે. આ મંડળી પોતાના સભાસદોને ખેતી માટે લોન ધિરાણ કરે છે.તે ઉપરાંત ખાતર, બિયારણ, જંતુનાશક દવાઓનું પણ વેચાણ કરે છે. મંડળીના સભાસદોને દર વર્ષના એપ્રિલ માસમાં ધિરાણ આપવામાં આવે છે. પરંતુ મે કોઈપણ બાબતે ધિરાણ મંડળીમાંથી લીધુ નથી. છતા રૂ.૧.૫૦ લાખ ધિરાણ બાકીની નોટીસ એડીસી બેંક દ્વારા મળી છે. ત્યારે સભાસદોના નામે મંડળીના મેનેજર દ્વારા લોન ઉચાપત થઈ હોવાની ફરીયાદ નોંધવા માટે બલાજી ટાંકે ઉચ્ચકક્ષાએ રજુઆત કરી પેથાપુર પોલીસ મથકે એફઆઈઆર નોંધવા માટે અરજી કરી છે. જેમાં ખોટું ધિરાણ કોના કોના નામે ઉધારેલ છે, ખોટું ધિરાણ મંજુર કરાવવા ડીરેકટરો કોણ કોણ હતા, ધિરાણ લેનારના જામીનો કોણ કોણ હતા, ધિરાણ જે તે લોન ધારકોના સેવીંગ ખાતામાંથી કોની સહીથી ઉપાડવામાં આવેલ છે તે સહિતના મુદ્દાઓને ધ્યાને લઈ તપાસ કરવા માટે અરજી કરી છે.

વરસાદ બાદ શહેરમાં ઠેર ઠેર જાતભાતની પાઈપલાઈનો માટે મસમોટા ખાડા ખોદવામાં આવ્યા છે. જો કે કરમની કઠણાઈ એ છે કે ખાડા ખોદી પાઈપલાઈન નાંખવાનુ કામ ઝડપથી પૂર્ણ કરવાના સ્થાને કોન્ટ્રાક્ટરો કામને વિલંબમાં નાંખે છે. આ વિલંબ વસાહતીઓ માટે વિલન બની રહ્યો છે. સેક્ટર-૫માં છેલ્લા ઘણા સમયથી વરસાદી પાણીના નિકાલ માટેની પાઈપલાઈન બિછાવવાનુ કામ થઈ રહ્યુ છે. આ કામ હમણાં બંધ હોવાથી વસાહતીઓને તકલીફોનો સામનો કરવો પડી રહ્યો છે. ઝડપથી આ અધુરૂ કામ પુરૂ થાય તેવી માંગ વસાહતીઓ કરી રહ્યા છે.

જાપાનીઝ કંપની દ્વારા ભારતમાં નેચરલ કોરલ વૉટર ફીલ્ટર લોન્ચ કરાશે

આ ફિલ્ટરથી બિન જરૂરી ક્લોરીન દૂર થતા ગુણવત્તા સુધારા સાથે મિનરલથી ભરપૂર પાણી ઉપલબ્ધ થશે : યુવાન અને રૂપાળા દેખાવવા માટે પણ પાણી ઉપયોગી થશે

ગાંધીનગર, તા. ૨૫ અમદાવાદ-ાી આઈઆઈઆરએમએ ટેકનોવિઝને જાપાનીઝ કંપની યુમીન્યુનો ટકારા સાથે ભારતમાં નેચરલ કોરલ વૉટર ફીલ્ટર રજૂ કરવા માટે જોડાણ કર્યુ છે. ફિલ્ટરથી બીનજરૂરી ક્લોરીન દૂર થતાં પાણીની ગુણવત્તામાં સુધારો થાય છે અને મિનરલથી ભરપૂર પાણી ઉપલબ્ધ થાય છે.

આઈઆઈઆરએમએ ટેકનોવિઝને ફીલિપાઈન્સ સિવાયના, ભારત, નેપાળ અને અન્ય એશિયન દેશો માટે એક્સલુઝિવ માસ્ટર ફ્રેન્ચાઈઝી રાઈટ મેળવ્યા છે અને વિવિધ બજારોમાં ફ્રેન્ચાઈઝીઝ અને વિતરકોનું નેટવર્ક સ્થાપવા પ્રક્રિયા હાથ ધરી છે.

આઈઆઈઆરએમએ ટેકનોવિઝના પ્રેસીડેન્ટ અને સીઈઓ પ્રવાકર શાહ જણાવે છે કે ''નેચરલ કોરલ ફીલ્ટર એ એક અનોખી પ્રોડક્ટ છે. તે પાણીને પ્રોસેસ કરવા નેચરલ કોરલનો ફીલ્ટર તરીકે ઉપયોગ કરે છે અને કુદરતી રીતે પાણીને પ્રોસેસ કરે છે. આ પ્રોડેક્ટ આલ્કલાઈન એનર્જી વોટર છે. તે વધુ સ્વચ્છ હોવાની સાથે સાથે મિનરલથી સભર છે. કોઈપણ કેમિકલ, ઈલેક્ટ્રિકલ, મિકેનિકલ કે કોમર્શિયલ ફીલ્ટર પ્રક્રીયા હાથ ધરવામાં આવતી નથી. ભારતની અન્ય કોઈ પણ પ્રોડક્ટ પાણીની ગુણવત્તા સુધારવા માટે આવી કુદરતી પ્રક્રિયાનો ઉપયોગ કરતી નથી.

નેચરલ કોરલ ફીલ્ટર્સ જાપાનમાં બનાવાવમાં આવશે કારણ કે આ પ્રકારના નેચરલ કોરલ્સ માત્ર જાપાનના ઓકીનાવા ખાતે જ ઉપલબ્ધ છે. ડીસ્પેન્સર અથવા આરઓ સિસ્ટમ જેવા અન્ય ઉપકરણોનું ઉત્પાદન ભારતમાં તથા અન્ય સ્થળોએ કરવામાં આવશે. પ્રથમ આરઓ સિસ્ટમ અને કોરલ વૉટર ફીલ્ટર કે જેનો ઉપયોગ હાલની લોકલ વૉટર સિસ્ટમ સાથે કરી શકાશે.

બીજી પ્રોડક્ટ ડિસ્પેન્સર ટાઈપની છે, જેમાં આરઓ પીએચ ન્યુટ્રલ વૉટર કે પાણી ઉપરની ટાંકીમાં રાખવામાં આવે છે. પાણી નેચરલ કોરલ ફીલ્ટરનાં સ્તરમાંથી પસાર થશે અને નીચેની ટાંકીમાં સંઘરાશે. નીચેની ટાંકીનું પાણી આલ્કલાઈન હોય છે ને તેમાં કેલ્શિયમ અને મેગ્નેશિયમ જેવા ૪૦ મિનરલ હોય છે.

જુનિયર નેશનલ ફેન્સીંગ ચેમ્પિયનશીપમાં ગુજરાતના ખેલાડીઓનું ઉત્કૃષ્ઠ પ્રદર્શન

ભોપાલમાં ૨૭મી જુનિયર નેશનલ ફેન્સીંગ ચેમ્પીયનશીપ તા. ૮ થી ૧૨ નવેમ્બર દરમ્યાન ટી.ટી. નગર સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે યોજાઈ હતી. જેમાં ગુજરાત ખેલાડીઓએ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરતા બે બ્રોન્ઝ મેડલ મેળવેલ છે. તેમજ ૨ ખેલાડીઓએ જુનિયર ઈન્ડિયા કેમ્પ માટે ક્વોલીફાય થયા છે.

ભાઈઓના વિભાગમાં અમરસિંહ ઠાકોર, સચીન પટણી, અજયસિંહ ચુડાસમા અને દિવ્યાંગ પાંડોરની બનેલ ટીમે ફોઈલ ઈવેન્ટમાં ગુજરાતને બ્રોન્ઝ મેડલ અપાવ્યો હતો. ગુજરાતે તમીલનાડુને ૧૫-૭ અને ૪૦-૪૫ થી પરાજય થતા બ્રોન્ઝ મેડલથી સંતોષ માનવો પડ્યો હતો.

ફોઈલ વ્યક્તિગત ઈવેન્ટમાં ગુજરાતના અમરસિંહ ઠાકોરે લીગ રાઉન્ડમાં તમામ પ્રતિસ્પર્ધિઓ વિનીત (દિલ્હી)-૫/૨, હર્ષલ (મધ્યપ્રદેશ) -૫/૪, રીષભ (યુ.પી.) ૫/૦, સંજય (ઝારખંડ) ૫/૨, તનીસ (જમ્મુ અને કાશ્મીર), ૫/૧ સામે જીત મેળવી પુલમાં પ્રથમ સ્થાન મેળવ્યુ છે. ડાયરેક્ટ એલીમીનેશન રાઉન્ડમાં સંજય (ઝારખંડ) ૧૫/૫, એચ. પુરૂર્વા (કર્નાટક) ૧૫/૫, જયદીપ (દાદરાનગર હવેલી) ૧૫/૪ થી જીત મેળવેલ અને ક્વાર્ટર ફાયનલમાં સુખમ નિંગથીબા (છત્તીસગઢ) સામે ૧૫/૫ થી પરાજય થતા ફોઈલ વ્યક્તિગત ઈવેન્ટમાં ૭મુ સ્થાન મેળવ્યુ છે.

બહેનોના વિભાગમાં કાજલ ચૌધરી, ખુશી સમેજા, નિશા ચૌધરી અને રજનીકા ચૌધરીએ ફોઈલ ટીમ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ મેળવેલ. જેમાં હરીયણાને ૧૫/૧૨, તેલંગાણાને ૪૫/૨૯ થી હરાવી અઈને સેમી ફાઈનલમાં કેરેલા સામે ૪૫/૪૦ થી પરાજય થતાં બ્રોન્ઝ મેડલથી સંતોષ માન્યો હતો.

ઈપી વ્યક્તિગત ઈવેન્ટમાં રીતુ ચૌધરીએ લીગ રાઉન્ડમાં મીની કુમારી (ઝારખંડ) ૫/૪, અંકિતાકુમારી (દિલ્હી) ૫/૦, સ્મીતા (છત્તીસગઢ) ૫/૦, પરીણીતા (કર્નાટક) ૫/૨, કે. ચંદ્રીકા (મણીપુર) ૫/૩થી હરાવી ગ્રુપ પ્રથમ રહેલ. જ્યારે ડાયરેક્ટ એલીમીનેશન રાઉન્ડમાં સાક્ષી (હરીયાણા) ૧૫/૭, વૈષ્નવી (મહારાષ્ટ્ર) ૧૫/૬, પ્રગ્યા સીંઘ (મધ્યપ્રદેશ) સામે જીત મેળવેલ તેમજ ક્વાર્ટર ફાઈનલમાં કેરાલાની કે.પી. ગોપીકા સામે ૧૫/૪ થી પરાજય થતા ૭મા સ્થાને રહી ઈન્ડીયા કેમ્પ માટે ક્વોલીફાય થઈ હતી. ગુજરાતની ટીમ સાથે કોચ તરીકે કિંજલબેન ઠાકોરેએ સેવાઓ આપી હતી.

આજે સતત ૨૮મા વર્ષે મુક્તિધામમાં રાતભર પારેખદાદાનું વાંસળીવાદન ગૂંજશે

ગાંધીનગરના સેક્ટર-૩૦ ખાતેના મુક્તિધામ સ્મશાને સતત ૨૮મા વર્ષે કારતક સુદ અમાસ નિમિત્તે તા. ૨૬મી નવેમ્બર મંગળવારે રાતભર ૭૫ વર્ષીય પારેખદાદાની વાંસળીના સૂરો રેલાશે. આ વર્ષે વાંસળીવાદક જીતુભાઈ દવે 'પારેખદાદા' સાથે જુગલબંધી કરશે જ્યારે વડોદરાના જાગૃતિ ધીણોજા દાદા સાથે ભજનો-સુફી સંગીતની પ્રસ્તુતિ કરશે.

મૂળ મોરબીના અને પેથાપુર ખાતે જીઈબીમાં નોકરી કરી નિવૃત્ત થયેલા પ્રવિણચંદ્ર પારેખ ઉર્ફે પારેખદાદા છેલ્લા ૨૭ વર્ષથી દર વર્ષના કારતક માસની અમાસે નામી-અનામી જીવાત્માઓની શાંતિ અર્થે રાતભર વાંસળીવાદન સાથે ભક્તિસંગીતના કાર્યક્રમનું આયોજન કરે છે. નિજાનંદથી શરૂ કરેલી આ યાત્રા સતત ૨૮મા વર્ષે પણ યોજાશે. જેમાં પારેખદાદાને તબલાની સંગત ચાર તબલચીઓ પુરી પાડશે જેમાં ઋષિ શ્રીમાળી, રાજેશ પારેખ, ચંદ્રકાન્ત પંડ્યા અને હસમુખ શ્રીમાળીનો સમાવેશ થાય છે. આ સાથે મંજીરાની ખનક વડોદરાથી આવનાર પારેખદાદાની દિકરી રૂપલ રાજપરા પુરી પાડશે. હાલ રાંદેસણના ઉર્જાનગર-૧માં રહેતા ૭૫ વર્ષીય પારેખદાદાની રાતભર ચાલતી આ ભજનસંધ્યાનો શહેરના અનેક અગ્રણીઓ સહિત ભક્તિસંગીત રસીયાઓ મોજ માણે છે અને આ રાત્રિનું સમાપન પરોઢના પ્રભાતિયાની પારેખદાદાની ભાવપૂર્ણ પ્રસ્તુતિ સાથે થાય છે. સાંજે ૬.૩૦ કલાકે આ ભજન સંધ્યાનો પ્રારંભ થશે જેને સફળ બનાવવા સે. ૨૮ના હેતલ મંડપ સર્વિસવાળા કમલેશભાઈ તરફથી મંડપ, ગાદલા, પાથરણા વગેરેની તેમજ રાંદેસણના ભરતભાઈ વાઘેલા દ્વારા સાઉન્ડની સેવાઓ પુરી પાડવામાં આવશે. આ ઉપરાંત ઉપસ્થિત ભક્તિરસિકોને ચા-પાણી-નાસ્તાની સુવિધા પેથાપુરના જનક ચા વાળા મહેશભાઈ તરફથી પુરી પાડવામાં આવશે. શિયાળાની ફુલ ગુલાબી ઠંડીની ઠંડક સાથે રાતભર ચાલતી આ અનોખી ભજન સંધ્યાને માણવા શહેરના ભક્તિ-સંગીત રસિકોને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

મોર્નિંગ વોકર્સ માટે પુનિત વનમાં કસરત અને રમત-ગમતના સાધનો મુકાયા

ગાંધીનગર તા ૨૫ શિયાળાની ગુલાબી ઠંડીમાં સવારે મોર્નિંગ વોક કરવા જતા નગરજનોની સંખ્યા વિશેષ જોવા મળે છે. જયારે સ્વર્ણિમ પાર્ક સહીત નગરના ઉદ્યાનો અને સર્કલ વિસ્તારમાં વહેલી સવારથી જ મોટી સંખ્યામાં મોર્નિંગ વોક કરતા નગરજનો જોવા મળી રહ્યા છે. પુનિત વન પણ માર્નિંગ વોકર્સ માટે હોટ ફેવરીટ છે. જેને ધ્યાને લઈને વનતંત્ર દ્વારા આ ઉદ્યાનમાં રમતગમતના તેમજ કસરતના સાધનો મુકવામાં આવ્યા છે.

શિયાળાની ગુલાબી ઠંડીમાં નગરમાં મોર્નિંગ વોક કરનારાઓની સંખ્યા નોંધપાત્ર છે. હરિયાળા શહેરના મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વોક વે તેમજ સ્વર્ણિમ પાર્ક મોર્નિંગ વોકર્સ માટે હોટ ફેવરીટ છે.

હરિયાળી લોનમાં સવારની તાજગી વચ્ચે આરોગ્યપ્રદ વાતાવરણમાં વોકીંગ કરનારા શહેરીજનોની સંખ્યા પણ વિશેષ છે. શહેરના પુનિત વનમાં પણ મોર્નિંગ વોક કરવા માટે જતા સેકટરવાસીઓની સંખ્યા પણ વિશેષ છે. પુનિત વનમાં હરિયાળી પ્રકૃતિ વચ્ચે વોકીંગ કરવા માટે આવતા પ્રકૃતિ પ્રેમીઓ મોટ વનતંત્ર દ્વારા કસરતના તેમજ જીમના સાધનો મુકવામાં આવ્યા છે. વનતંત્ર દ્વારા મોર્નિંગ વોક કરનારા સ્વાસ્થય પ્રેમીઓ માટે જીમના અવનવા સાધનો તેમજ બાળકો માટે રમતગમતના સાધનો પણ મુકવામાં આવ્યા છે. પ્રકૃતિ પ્રેમીઓ માટે પુનિત વન આકર્ષણનુ કેન્દ્ર છે. પુનિત વનમાં વિક એન્ડમાં આવતા પ્રકૃતિપ્રેમીઓની સંખ્યા પણ વિશેષ છે. જયારે આ સહેલાણીઓને જરૂરી સુવિધા મળી રહે તે માટે રમતગમતના અને કસરતના સાધનો મુકવામાં આવ્યા છે.

૩૦મીએ સેવાસેતુ અંગે સમીક્ષા કરાશે

રાજ્યમાં ચાલી રહેલા પાંચમા તબક્કાના સેવાસેતુ કાર્યક્રમના નબળા પ્રતિસાદને લઈ વધુ એક વખત સમીક્ષા આગામી ૩૦મી નવેમ્બરના રોજ કરવામાં આવશે. સામાન્ય વહીવટ વિભાગના વસુતા પ્રભાગના સચિવશ્રી દ્વારા આ સમીક્ષા કરવામાં આવશે. રાજ્યમાં પાંચમા તબક્કાના સેવાસેતુ કાર્યક્રમમાં આરોગ્યની સેવાઓ ઉપરાંત નાગરિક પુરવઠા વિભાગની સેવાઓ સિવાય બહુ ઓછા લોકો તેનો લાભ લઈ રહ્યા છે. રાજ્ય સરકાર દ્વારા નબળા પ્રતિસાદ અંગે સતત ચિંતીત છે અને તેથી જ આ કાર્યક્રમની સમીક્ષા નિયમિત સમયાંતરે લેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.